પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦૨ | ૨૨ જુન, ૨૦૧૭, ગુરૂવાર ; જયેષ્ઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ભારત યોગના રંગમાં રંગાયુ

### વરસાદ વચ્ચે લખનૌમાં મોદી ૫૧ હજાર લોકો સાથે યોગમાં જોડાયા : તમામ ભાગોમાં યોગ સાધનાના શાનદાર અને ભવ્ય કાર્યક્રમમાં લોકો ઉત્સાહ સાથે જોડાયા



લખનૌ,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક આંતરરાષ્ટ્રીય યોગા દિવસનું આજે નેતૃત્વ કર્યું હતું. મોદીએ પોતે ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં ૫૧ હજારથી વધુ લોકોની સાથે ઉત્સાહપૂર્વક યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ખરાબ હવામાન અને વરસાદમેદાનમાં હોવા છતાં ઉત્સાહિત લોકો મેદાનમાં રહ્યા હતા અને મોદીની સાથે યોગ કાર્યક્રમમાં જોડાયા હતા. જો કે વરસાદે મજા બગાડી હતી. વરસાદમાં તમામ લોકો પલડી ગયા હતા. પોલીસ કર્મચારીઓ પણ પલડી ગયા હતા. આ કાર્યક્રમમાં તેમની સાથે ઉત્તરપ્રદેશના રાજયપાલ રામનાઅઈક અને મુખ્યપ્રધાન યોગી આદિત્યાનાથ પણ જોડાયા હતા. ખરાબ હવામાનના કારણે યોગ કાર્યક્રમ બાદ તરત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી માટે રવાના થયા હતા. સવારે સાત વાગે યોગાસન શરૂ કરતા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### એનડીએના ઉમેદવારને અન્ના ડીએમકેનું સમર્થન

રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદને તામીલનાડુના શાસક પક્ષ અન્ના ડીએમકેએ સમર્થન જાહેર કર્યું છે.

### કર્ણાટકમાં ખેડૂતોને લોન માફ

કર્ણાટક સરકારે રાજ્યના ૨૨ લાખ ખેડૂતોની ૫૦ હજાર સુધીની લોન માફ કરવાની જાહેરાત કરી છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને પંજાબ બાદ કર્ણાટકે રાજ્યના ખેડૂતોની ૮૧૬૭ કરોડની લોન માફ કરવાની જાહેરાત મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કરી છે.

### જસ્ટીસ કર્ણન છ મહિના જેલમાં ગાળશે

કલકત્તા હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ સીએસ કર્ણનને જામીન આપવાનો ઈન્કાર કરતા સુપ્રિમ કોર્ટની સાત જજની સંવિધાનપીઠે છ માસની સજા સંભળાવી છે.

### ૮૫ ટકા યુવાનો મોબાઈલ પર સમાચારો વાંચે છે

અમેરિકામાં થયેલા એક સર્વે મુજબ ૮૫ ટકા લોકો મોબાઈલ પર સમાચાર વાંચે છે. એમાંય ખાસ કરીને ૧૮ થી ૪૯ વર્ષના યુવાનો વિશ્વના સમાચાર મેળવવા મોબાઈલનો ઉપયોગ કરે છે.

### ભારતની તાનિયાનો ચેસમાં અમેરિકા સામે જીત

ઈન્ટરનેશનલ માસ્ટર્સ તાનિયા સચદેવે અમેરિકાની ચેમ્પિયન સભિના ફોઈસરને પરાજિત કરી ભારતને વર્લ્ડ ટીમ ચેસ ચેમ્પિયનશીપમાં બીજા રાઉન્ડમાં જીત અપાવી છે. આ જીતથી ભારત ૩ અંક સાથે બીજા ક્રમે પહોંચી ગયુ છે.

### ઉબેરના સીઈઓ ટ્રેવિસનું રાજીનામું

ઉબેરમાં ચાલી રહેલી ખેંચતાણ પણ હવે સપાટી ઉપર આવી છે. ઉબેરના મુખ્ય કારોબારી અને સીઈઓ ટ્રેવિસ કાલાનીકે રાજીનામુ આપી દીધું છે. કાલાનીકે ઉબેર કંપનીને લોકપ્રિયતાની ચરમસીમા પર લઈ જવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી.

## કોવિંદને સમર્થન આપવા નિતીશકુમારની જાહેરાત

### વિપક્ષી છાવણીમાં તિરાડની સ્થિતિ સર્જાઈ : પટણામાં પક્ષના ધારાસભ્યોની મહત્વપૂર્ણની મિટિંગ બાદ ઘોષણા કરાઈ : તમામ ધારાસભ્યો નીતિશકુમારની સાથે



નવીદિલ્હી,તા. ૨૧

એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રામનાથ કોવિંદને ટેકો આપવાની જાહેરાત આખરે જેડીયુ દ્વારા કરી દેવામાં આવી છે. આની સાથે જ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના મુદ્દે વિપક્ષી છાવણીમાં તિરાડની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કોંગ્રેસ અને આરજેડીથી અલગ થઈને જેડીયુએ

## કુંબલે અને કોહલીની વચ્ચે ખેલાડીઓ સાથેની બેઠકમાં તીવ્ર બોલાચાલી થઈ હતી

### કોહલી અને કુંબલે વચ્ચે ખેંચતાણની વિગત સપાટીએ

નવી દિલ્હી,તા. ૧૯

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની સાથે બેઠકમાં વિરાટ કોહલી અને અનિલ કુંબલે વચ્ચે બોલાચાલી થઈ હોવાના અહેવાલ મળ્યા છે. વિરાટ કોહલીએ અનિલ કુંબલેને અપશબ્દો કહ્યા હોવના પણ અહેવાલ મળ્યા છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, ટીમ ઈન્ડિયાના ખેલાડી ઈચ્છતા ન હતા કે, કુંબલેને કોચ તરીકે જાળવી રાખવામાં આવે. વિરાટ કોહલીના આ નિવેદનથી અનિલ કુંબલે નારાજ થયો હતો અને કહ્યું હતું કે, તે હવે આવી કોઈ વાત ચલાવી લેશે નહીં. ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ અનિલ કુંબલેએ વિરાટ કોહલી સાથે કહેવાતા મતભેદો વચ્ચે મંગળવારના દિવસે કોચ તરીકે રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ કુંબલેના સફળ કાર્યકાળનો કરુણ અંત થયો હ તો. કુંબલેએ બીસીસીઆઈને પોતાના નિર્ણયથી વાકેફ કરાવી દીધા છે. બોર્ડે મોડેથી કુંબલેના રાજીનામાની વાતને સ્વીકારી હતી અને આની જાહેરાત કરી હતી. અનિલ કુંબલેનો કાન્ટ્રાક્ટ ચેમ્પિયન્સ ટ્રોફીની સાથે જ પૂર્ણ થઈ ગયો હતો પરંતુ શુક્રવારથી શરૂ થઈ રહેલી વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે મેચોની શ્રેણી માટે તેને કોચ તરીકે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ અનિલ કુંબલેએ એકાએક મંગળવારના દિવસે કોચ પદેથી રાજીનામુ આપી દીધું હતું. કોચના રુપમાં ૨૦મી જૂનના દિવસે કુંબલેનો છેલ્લો દિવસ રહ્યો હતો.

## આજે સોનિયા ગાંધીની મહત્વની બેઠક

નવી દિલ્હી, તા.૨૧

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આવતીકાલે ૨૨મી જૂનના દિવસે વિરોધ પક્ષના નેતાઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. જેમાં ૧૭મી જુલાઈના દિવસે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. સાથે સાથે આ સંદર્ભમાં કોઈ નિર્ણય પણ કરવામાં આવી શકે છે. જુદા જુદા પક્ષોને એક કરવા છેલ્લા ઘણા સમયથી પ્રયાસ કરી રહેલા કોંગ્રેસ પાર્ટીના નેતાઓને પીછેહઠનો સામનો કરવાની ફરજ પડી છે.

## દાર્જીલિંગમાં અંધાધૂંધી યથાવત

### ઇન્ટરનેટ સેવા બંધ રહેતા લોકો પરેશાન રહ્યા : ફાર્મા સિવાય અન્ય તમામ દુકાનો, હોટલ, રેસ્ટરન્ટ બંધ : આજે સર્વપક્ષીય મિટિંગમાં ડાબેરી, કોંગી ભાગ લેશે નહીં

દાર્જીલિંગ, તા. ૨૧

હિંસાગ્રસ્ત દાર્જિલિગમાં સાતામા દિવસે પણ અંધાધુંધીનો દોર જારી રહ્યો હતો. જેના કારણે જનજીવન ખોરવાયેલુ રહ્યુ હતુ. સાવચેતીના પગલારૂપે ઈન્ટરનેટ સેવા આજે પણ બંધ રાખવામાં આવી હતી. બુધવારના દિવસે જીજેએમ પ્રાયોજિત અચોક્કસ મુદ્દતના બંધના કારણે લોકોની હાલત કફોડી રહી હતી. ફાર્મસી સિવાય અન્ય તમામ દુકાનો, હોટેલ અને રેસ્ટોરન્ટ બંધ રહ્યા હતા. ગોરખા જનમુક્તિ મોરચા (જીજેએમ) દ્વારા મંગળવારના દિવસે ઓલ પાર્ટી બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સર્વસંમતિથી એક

● અનુસંધાન પાન-૭ પર




## દિલ્હીમાં ત્રાસવાદી ઘુસ્યા હોવાના અહેવાલ

### રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ધાર્મિક સ્થળો, એરપોર્ટ તેમજ મોલની આસપાસ સુરક્ષા મજબૂત કરાઈ : મહિલા બોંબરના અહેવાલ બાદ નવા હેવાલો જારી

નવી દિલ્હી,તા. ૧૧

દિલ્હીમાં આતંકવાદી હુમલાને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મળેલી માહિતી મુજબ લંડનની જેમ જ દિલ્હીમાં પણ ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં હવે રાષ્ટ્રીય પાટનગર દિલ્હી છે. ગુપ્તચર સંસ્થાઓના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કનોટપ્લેસ સૌથી સંવેદનશીલ વિસ્તાર છે અને ત્રાસવાદીઓની હિટલિસ્ટમાં આ સ્થળ સૌથી ઉપર છે. દિલ્હી પોલીસની એક ખાસ શાખાએ માહિતી આપતા કહ્યું છે કે, રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, ફાઈવ સ્ટાર હોટલો, મોલ, મુખ્ય બજારો, ધાર્મિક સ્થળો, જુદા જુદા દેશોના દૂતાવાસો, મેટ્રો સ્ટેશન અને એરપોર્ટ પર સુરક્ષા વધારાવાના નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. દિલ્હીમાં છથી સાત જેટલા ત્રાસવાદીઓ ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આઈબીએ એલર્ટ જારી કરવામાં આવ્યા બાદ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આ આતંકવાદીઓ કયા સંગઠનના છે અને તેમના નામને લઈને હજુ માહિતી જારી કરાઈ નથી પરંતુ સુરક્ષા ચોક્કસ કરાઈ રહી છે. મહિલા આત્મઘાતી બોંબર અંગેના સમાચાર પહેલા સપાટી ઉપર આવ્યા હતા. છથી સાત આતંકવાદીઓ દિલ્હીમાં ઘુસ્યા છે. આમા મહિલા બોંબરની ટોળકીના સભ્યો છે કે કેમ તે અંગે હજુ કોઈ વાત કરાઈ નથી.

અત્રે નોંધનીય છે કે, ગુપ્તચર સંસ્થાઓ પાસેથી હાલમાં એવી ચોંકાવનારી માહિતી મળી હતી કે મહિલા આત્મઘાતી હુમલાખોરોની ટોળકી સરહદ પાર કરીને ભારતમાં ઘુસી જવામાં સફળ રહી છે. આ મહિલા આત્મઘાતી હુમલાખોરો કોઈ મોટા હુમલાને અંજામ આપી શકે છે. લોન વુલ્ફ અટેકના ફિરાકમાં આ મહિલાઓ હોવાના હેવાલ મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.






## લાલબત્તીના વિકલ્પે પશ્ચિમ બંગાળમાં ગાડીઓ પર વિવિધ રંગના ઝંડા લાગશે

કોલકાત્તા,તા. ૨૧

દેશભરમાં જ્યારે લાલ બત્તી પર રોક લાગી છે ત્યારે પશ્ચિમ બંગાળમાં હવે આ લાલબત્તીના પ્રતિબંધનો પણ તોડ કાઢવામાં આવ્યો છે. અહેવાલ મુજબ બંગાળની મમતા બેનરજી સરકારે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે એક એવી વ્યવસ્થા શરૂ કરી છે કે તેઓ પોતાની ગાડીઓ પર અલગ અલગ પ્રકારના ઝંડાઓ લગાવી શકશે.

આ ફલેગ સ્કિમ મુજબ આ ઝંડા લંબચોરસ, ત્રિકોણ કે વચ્ચેથી કપાયેલા હશે. તેમને બોનેટ પર લગાવવામાં આવશે અને તેમનો ઉપયોગ ફક્ત ત્યારે જ થશે જ્યારે ઓફિસર ડ્યૂટી પર હશે. આ સ્કિમ ફક્તૈં છજી ઓફિસરો માટે હશે જેઓ વિભિન્ન સ્તરો પર સરકારનું પ્રતિનિધિત્વ કરે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ એન્ડ પર્સનલ દ્વારા એક નોટિફિકેશન જારી કરીને સૂચના આપી દેવાઈ કે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રશાસકોને મળવા પર એ વાતની જરૂરીયાત મહેસૂસ થઈ કે વરિષ્ઠ અધિકારીઓની ગાડીઓ પર ઝંડા લાગેલા હોવાથી સરકારના હેતુઓની જાણ થશે અને પ્રોટોકોલનો ભંગ કર્યા વગર આરામથી પરસ્પર વાત થઈ શકશે.

વીઆઈપી કલ્ચરને પ્રોત્સાહન આપનારી બત્તીઓ પર ૩ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટે સરકારને પગલું લેવા અંગે જણાવ્યું હતું. સરકારે ચાલુ વર્ષના મે મહિનાથી લાલ વાદળી બત્તીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે.

## સોપોરામાં સુરક્ષા દળોની સાથે અથડામણમાં ત્રાસવાદી ઠાર

### મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત

સોપોરે,તા. ૨૧

જમ્મુ કાશ્મીરના સોપોરામાં આજે સવારે સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં બે ખુંખાર ત્રાસવાદી ઠાર થયા હતા. ઠાર થયેલા ત્રાસાવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઠાર થયેલા ત્રાસવાદી કેટલાક હુમલામાં પહેલા સામેલ રહી ચુક્યા છે. ત્રાસવાદીઓની સામે હાલમાં મોટા પાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. સુરક્ષા દળો અને પોલીસે સાથે મળીને સંયુક્ત રીતે આ ઓપરેશનને પાર પાડ્યુ હતુ. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની હજુ સુધી ઓળખ કરવામાં આવી નથી. આ ત્રાસવાદીઓ કયા સંગઠનના હતા તે અંગે પણ હજુ માહિતી મળી શકી નથી. પોલીસ, એસઓજી અને સેનાના ૨૨ આરઆરના જવાનો આ ઓપરેશનમાં સામેલ થયા હતા. જમ્મુ કાશ્મીરમાં હાલમાં ત્રાસવાદીઓ વધુને વધુ સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવવા માટેના પ્રયાસ કરી રહ્યા છે.

વાર્ષિક અમરનાથ યાત્રા પણ હવે શરૂ થવા જઈ રહી છે ત્યારે

● અનુસંધાન પાન-૭ પર




